# શ્રી રામચંદ્ર મિશન®
# એકોઝ ઈન્ડીયા

માર્ચ ૨૦૦૯ માત્ર અંગત પ્રકાશન માટે વર્ષ ૨ અંક ૨


પ્રણામ.

અમને એ જાણીને ખૂબ ખુશી થઈ છે કે ન્યુઝલેટર વાંચનારા અભ્યાસીઓની સંખ્યા હવે વધી રહી છે અને ન્યુઝલેટર દેશના ખૂણેખૂણામાં પહોંચી શક્યો છે. ઝોન-પ્રદેશોમાંથી આવતાં લેખોની સંખ્યા વધી રહી છે અને સમાચારોનું સંપાદન કરવું, તે અમારે માટે ખરેખર ખૂબ આનંદની વાત છે.

પૂ.માસ્ટર માટે જાન્યુઆરી અને ફેબ્રુઆરીના મહિનાઓ ઘણાં વ્યસ્ત રહ્યાં. દેશભરમાં તેમની મુસાફરી ચાલુ રહી છે અને જ્યારે અમે આ અંક તૈયાર કરી રહ્યા છીએ, તે સમયે તેમનો ઉત્તર ભારતનો પ્રવાસ પણ ચાલુ જ છે.

આ અંકના સમાચાર-લેખોમાંના કેટલાંક આ મુજબ છે, પૂજ્ય લાલાજી મહારાજના જન્મોત્સવો, ઝોન-ઈન-ચાર્જ/સેન્ટર-ઈન-ચાર્જ સેમિનાર, કેટલાંક અભ્યાસી તાલીમી કાર્યક્રમો, વીબીએસઈ કાર્યક્રમ અને બેંગલોર ખાતેનો યુથ સેમિનાર . 'પ્રકાશનાં કેન્દ્રો' વિભાગમાં આ વખતે શાહજહાનપુર આશ્રમ વિશે લેવાયું છે. 'વ્હિસ્પર્સ ફ્રોમ ધ બ્રાઈટર વર્લ્ડ, વોલ્યુમ ૨'નું પ્રકાશન ૩૦મી એપ્રિલના રોજ થવાનું છે, જે આપણને આપણા માસ્ટર તરફથી મળતી એક નવીન ભેટ છે.

મે ૨૦૦૯ના અંક માટે સમાચાર-લેખ મોકલવાની છેલ્લી તારીખ ૧૫મી એપ્રિલ ૨૦૦૯ રહેશે. તમારા સમાચાર-લેખો અને તેને લગતા ફોટાઓ સહિત બધી જ માહિતી તમારા ઝોન-ઈન-ચાર્જ દ્વારા મોકલવા વિનંતી.

સ્નેહ સાથે,
સંપાદકો.

## પૂ.માસ્ટરનો પ્રવાસ – જાન્યુઆરી અને ફેબ્રુઆરી ૨૦૦૯

પોંગલના ઉત્સવ વખતે પૂ.માસ્ટર ચેન્નાઈમાં હતા અને ઘણાં અભ્યાસીઓએ રજાઓ દરમિયાન મણપાક્કમ આશ્રમની મુલાકાત લીધી હતી. તહેવારોની આ મોસમ દરમિયાન પૂ.માસ્ટરે કેટલાંક લગ્નો ઉજવ્યાં હતાં. ૧૯મી જાન્યુઆરીના રોજ તેઓ મોટરમાર્ગે રામાપુરમ જવા રવાના થયા (અહીં તેમણે ૧૯૯૧માં આશ્રમનું ઉદઘાટન કર્યું હતું) હતા. સત્સંગ પછી, તેઓ ચિત્તુર ગયા હતા, જ્યાં મોટરમાર્ગે પહોંચતા ૧ કલાક થાય છે. ત્યાં પહોંચીને તેમણે ત્યાં હાજર રહેલાં આશરે ૧૧૦૦ અભ્યાસીઓને સત્સંગ કરાવ્યો હતો.

સત્સંગ પછી, તેમણે તેમના રોકાણ માટે તૈયાર કરાયેલા કોટેજનું ઉદઘાટન કર્યું હતું. એક અંગત વાતચીતમાં, મૃત્યુ બાબતે વાત કરતાં તેમણે કહ્યું હતું કે મૃત્યુને ટ્રેનમાં મુસાફરી કરતાં લોકો સાથે સરખાવી શકાય, જેમાં કેટલાંક લોકો ઉતરી જાય અને કેટલાંક નવાં મુસાફરો જોડાય, પણ આપણે કોઈની ચિંતા કરવાની હોતી નથી. તે જ રીતે, જ્યારે પ્રિયજનો અને નજીકનાં લોકો મૃત્યુ પામે, ત્યારે તેમના મૃત્યુને એવી રીતે લેવું જોઈએ કે તેનાથી અભ્યાસીઓની આંતરિક શાંતિ અને પવિત્રતાને ખલેલ ન પહોંચે.

ટૂંકા વિરામ બાદ, સાંજે પૂ.માસ્ટરે એક વધુ સત્સંગ કરાવ્યો અને વક્તવ્ય આપ્યું હતું, જેમાં તેમણે લોકોને પરિવર્તનને સ્વીકારવાની ભારપૂર્વક સલાહ આપી હતી અને કહ્યું હતું કે પરિવર્તન માટે આપણે ધ્યાન કરવું જોઈએ. ૨૦મીએ સવારે પૂ.માસ્ટર સત્સંગ કરાવીને તિરૂપતી જવા નીકળ્યા હતા.

તિરૂપતી પહોંચીને, પૂ.માસ્ટરે ત્યાં એકઠાં થયેલાં લગભગ ૧૫૦૦ લોકોને સત્સંગ કરાવ્યો હતો અને વક્તવ્ય આપ્યું હતું. તેઓ કોટેજમાં ખૂબ આનંદી અને ખુશમિજાજમાં જણાતા હતા, એકોઝ ઈન્ડીયાના જાન્યુઆરી ૨૦૦૯ના અંક તરફ જોઈ, તેમાં પ્રકાશિત થયેલાં ફોટોગ્રાફ્સની યાદગાર સ્મૃતિને તેમણે તાજી કરી હતી. બપોરના ભોજન બાદ તેઓ ચિત્તુર જવા રવાના થયા હતા અને બીજે દિવસે સવારે તેઓ ચેન્નાઈ પાછા આવ્યા હતા.










તા.૨૩મી જાન્યુઆરીએ પૂ.માસ્ટર અમદાવાદ આવ્યા હતા. ૨૪મીએ સવારે તેઓ અડાલજ આશ્રમ પહોંચ્યા અને મેડિટેશન હોલમાં પહોંચતા, ત્યાં પથરાયેલી નીરવ શાંતિ તેમને પસંદ પડી, કારણ કે બધાં અભ્યાસીઓ પૂ.માસ્ટર પહોંચે તે પહેલાં શાંતિપૂર્વક બેસી ગયા હતા. સત્સંગ પછી બહેન રંજના મહેતાના મધુર કંઠમાં ભજનોનો કાર્યક્રમ હતો. અમને હતું કે પૂ.માસ્ટર સાંજે આરામ કરશે, પણ અમારા આશ્ચર્ય વચ્ચે તેમણે જણાવ્યું કે તેઓ તેમની આ મુલાકાત દરમિયાન પાંચ સિટિંગ આપશે. અભ્યાસીઓ અને કાર્યકર્તાઓને માટે આ એક સ્પષ્ટ સંદેશ હતો કે આપણે મિશનના કાર્ય પ્રત્યે, આપણા અસ્તિત્વના આધ્યાત્મિક પાસાની મહત્તા પર સૌથી વધારે ધ્યાન આપવા પ્રતિ તાકીદતા કેળવવી જ રહી.



૨૬મીએ, સવારના સત્સંગ પછી, પૂ.માસ્ટરે ગુજરાતના યુવકો અને યુવતીઓ દ્વારા યોજાયેલા ગરબા અને રાસના કાર્યક્રમને માણ્યો હતો. પછી તેમણે ગુજરાત અને આજુબાજુના આશરે ૧૪૦ પ્રશિક્ષકોની મીટીંગ યોજવાનું નક્કી કર્યું હતું. પૂ.માસ્ટરે સિટિંગ આપી હતી અને વક્તવ્ય પણ આપ્યું હતું. તેઓ ખૂબ થાકી ગયા હતા અને સદભાગ્યે થોડા આરામ બાદ, તેમણે સાંજ શાંતિપૂર્વક રીતે પસાર કરી હતી.

પૂ.માસ્ટર ૨૭મીએ બપોરે દિલ્હી પહોંચ્યા, ૨૮મીએ સવારે તેમણે ઝોનલ આશ્રમની મુલાકાત લીધી અને સત્સંગ કરાવ્યો. સત્સંગમાં જુદા જુદા સેન્ટરોમાંથી લગભગ ૨૫૦૦ અભ્યાસીઓએ હાજરી આપી હતી. સત્સંગ પછી, માસ્ટરે જે અભ્યાસીનો મોબાઈલ ફોન સત્સંગ દરમિયાન વાગતો હતો, તેમને સ્ટેજની નજીક આવવાનું કહ્યું હતું અને તેમને હોલમાં બેઠેલા અભ્યાસીઓની માફી માગવા જણાવ્યું હતું. ૨૯મીએ સવારે તેઓ સતખોલ જવા રવાના થયા હતા.




૨૯મી જાન્યુઆરીએ, પૂ.માસ્ટર મોરાદાબાદ પહોંચ્યા હતા. રસ્તાની બંને બાજુએ લાઈનમાં, સેંકડો અભ્યાસીઓ પૂ.માસ્ટરનું સ્વાગત કરવા ઊભાં હતાં. તે રાત્રે પૂ.માસ્ટર રૂદ્રપુર ખાતે રોકાયા હતા અને ૩૦મીએ સવારે, નાસ્તા પછી તેઓ સતખોલ જવા રવાના થયા હતા.

શ્રી રામચંદ્ર મિશન®
એકોઝ ઈન્ડીયા



માર્ચ ૨૦૦૯ માત્ર અંગત પ્રકાશન માટે વર્ષ ૨ અંક ૨

સતખોલ ખાતે પૂ.માસ્ટરનું સ્વાગત એક ગીત સાથે કરવામાં આવ્યું હતું. અતિશય થકવી નાંખનાર મુસાફરી કરી હોવા છતાં પૂ.માસ્ટરે અભ્યાસીઓ સાથે રસપ્રદ વાર્તાલાપ કર્યો તથા નમ્ર પૂછપરછ કરતાં સમય પસાર કર્યો. તા.૩૧મી જાન્યુઆરીએ હિંદુ પંચાંગ પ્રમાણે પૂ.લાલાજી મહારાજનો જન્મદિવસ હતો. પૂ.માસ્ટરે નોંધ્યું કે "આ વસંત સૌથી પવિત્ર છે." એક અભ્યાસીએ પૂ.માસ્ટરને પહાડી પ્રદેશમાં પહેરવામાં આવે છે તેવી એક ટોપી ભેટ આપી. એ ટોપી તેમણે ખૂબ જુસ્સા સાથે પહેરી તથા થોડી થોડી વારે તેને બરોબર બંધબેસતી રાખવા તેઓ તેને સરખી કરતા રહેતા હતા.





તા.૧લી ફેબ્રુઆરીએ પૂ.માસ્ટરે અલમોડાની મુલાકાત લીધી હતી. તે શહેર સ્વામી વિવેકાનંદના સ્મારક માટે વિખ્યાત છે. જેવા પૂ.માસ્ટર તે સ્મારક પાસેથી પસાર થયા કે તેમણે અવલોકન કર્યું કે "મેં ૧૯૫૮માં અહીં ધ્યાન કર્યું હતું. હું સહજ માર્ગમાં જોડાયો તેના છ વર્ષ પહેલાની વાત છે. મને ખાતરી છે કે એ તે જ જગ્યા છે જ્યાં સ્વામી વિવેકાનંદે પગલાં પાડ્યાં હતાં." એક અભ્યાસીના ઘરે બપોરનું ભોજન લીધા બાદ પૂ.માસ્ટરે તેમને મળવા માટે ઊભેલાં કેટલાંક અભ્યાસીઓ સાથે સમય ગાળ્યો હતો. એક વિદ્યાર્થીએ એ જાણવા માંગ્યું કે, શું વધારે મહત્ત્વનું છે, અભ્યાસ કે ધ્યાન. પૂ.માસ્ટરે કહ્યું, "એક વિદ્યાર્થીએ અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ." એક બહેને એ જણાવવાનો પ્રયત્ન કર્યો કે તેણી તેના પતિને ધ્યાન શરૂ કરવા કેવી રીતે પ્રોત્સાહિત કરી શકે? પૂ.માસ્ટરે કહ્યું, "તેમના પર દબાણ ન કરો. તમારી સાધના દ્વારા તમે પોતે જ એક એવી પૂર્ણ વ્યક્તિમાં રૂપાંતરિત થઈ જાઓ કે જેથી તમારા પતિને તમારું અનુકરણ કરવાની ઈચ્છા થાય."




તા.૨જી ફેબ્રુઆરીના રોજ અંગ્રેજી કેલેન્ડર પ્રમાણે પૂ.લાલાજીનો જન્મદિવસ હતો. સત્સંગ પછી તરત જ એક અભ્યાસીને કશીક પ્રવૃત્તિ કરતાં જોતાં જ પૂ.માસ્ટરે કહ્યું, "આપણે આપણી હાલત પર મનન કરવું જોઈએ. સત્સંગ પછી તરત જ કોઈ પ્રવૃત્તિ શરૂ કરી ન દો." તેમણે પૂ.લાલાજી મહારાજના જીવન પર તૈયાર કરવામાં આવેલી એક ડીવીડીનું વિમોચન કર્યું અને સહજ માર્ગની ગુરુ પરંપરા પર આધારિત નાટિકાનો આનંદ માણ્યો. તેમણે "વ્હિસ્પર્સ ફ્રોમ ધ બ્રાઈટર વર્લ્ડ" ભાગ–૨ તથા ભાગ–૩ના પ્રકાશન વિશે જણાવતા એક વકતવ્ય આપ્યું. તા.૩જી ફેબ્રુઆરીએ પૂ.માસ્ટરે એક સુંદર સ્થળ, કુચિયાતાલની મુલાકાત લીધી. એક અનૌપચારિક વાતચીત દરમિયાન પૂ.માસ્ટરે જણાવ્યું કે "જેમના ચહેરા પર ભવાં ચડેલાં હોય, તેવા લોકોથી દૂર રહો. સંતોના ચહેરા પર હંમેશાં આનંદ જ હોય છે. સાચા માણસ પ્રત્યે વફાદારી, સાચા સમયે બતાવેલી પ્રામાણિકતા અને અખંડિતતા, આધ્યાત્મિકતાના બીજ જમાવવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે."




તા.૫મી ફેબ્રુઆરીએ તેમણે નવી દિલ્હીના રસ્તે હાપુર ખાતે આવેલા આશ્રમનું ઉદ્ઘાટન કર્યું હતું. તા.૭મી ફેબ્રુઆરીના રોજ પૂ.માસ્ટરે સોનપત આશ્રમનું ઉદ્ઘાટન કર્યું હતું. તેઓ ખૂબ ખુશ અને હળવા મુડમાં હતા. સત્સંગ પછી તેમણે પ્રવચન આપ્યું હતું, જેમાં તેમણે કહ્યું કે "મૌન ઈશ્વરની ભાષા છે, જ્યારે પ્રેમને કોઈ ભાષા નથી. શિસ્ત વગર પ્રેમ ન હોઈ શકે અને આધ્યાત્મિકતા વગર શિસ્ત ન હોઈ શકે." તેમણે એ હકીકતની હિમાયત કરી કે પ્રેમને કોઈ આકાર કે ધર્મ નથી અને આમ માત્ર મતભેદોને નકારવા થકી જ આપણે બધાના દિલમાં વૈશ્વિક ભાઈચારો અને પ્રેમની જ્યોત જગાવી શકીશું." ભાઈ ગુરુપ્રીતનો મધુર અવાજ સભાખંડમાં વહેતો રહ્યો અને તેમણે થોડાં ભક્તિગીતો ગાયાં.

તા.૮મી ફેબ્રુઆરીના રોજ પૂ.માસ્ટર જયપુર આવી પહોંચ્યા. અભ્યાસીઓ તેમની એક ઝલક મેળવવા કતારબંધ ઊભા રહી ગયા હતા અને પૂ.માસ્ટરના આગમનનો આનંદ તેમનાં ચહેરાઓ પર દેખાતો હતો. તા.૧૦મી ફેબ્રુઆરીની સવારે પૂ.માસ્ટરે સત્સંગ કરાવ્યો હતો, જેમાં તેમનાં આગમન પહેલાં લગભગ ૨૩૦૦ જેટલાં અભ્યાસીઓ સારી રીતે બેસી ગયાં હતાં. ઘણાં અભ્યાસીઓ તેમનાં બાળકોના નામ પડાવવા માટે તેમને પૂ.માસ્ટર પાસે લઈ આવ્યા હતા અને પૂ.માસ્ટરે જણાવ્યું કે હવે પછી તેઓ બાળકોના નામ એ જ એકમાત્ર શરતે પાડશે કે તેમના માબાપ તેમના પાડેલા નામની પાછળ તેમની જાતિ કે અટક નહીં લખે. એક અભ્યાસી બહેને જ્યારે તેમને એમ કહ્યું કે તેમના પતિ મિશનમાં નથી, ત્યારે એમણે જણાવ્યું કે તેણીના પતિ જરૂર મિશનમાં આવશે. તેમણે કહ્યું કે "તે માત્ર નકારાત્મક વિચાર છે, જે તેમને મિશનમાં લાવવામાં વિલંબ કરે છે, તમારે તેમને તમારી સાથે લાવવાં જોઈએ."



તા.૧૧ ફેબ્રુઆરીએ સવારે સત્સંગ પૂરો થયા બાદ "મહાભારત" પર આધારિત નાટક ભજવાયું, જેનો વિષય હતો "લક્ષ્ય". એક અનૌપચારિક વાતચીત દરમિયાન પૂ.માસ્ટરે જણાવ્યું કે "પૂર્વનિર્મિત જીવન જેવું કંઈ નથી. એક અર્થમાં સઘળું બની શકે છે, પરંતુ શું બનશે, તેનો આધાર આપણી ઈચ્છાશક્તિ પર છે."

પૂ.માસ્ટર તા.૧૨મી ફેબ્રુઆરીના રોજ જયપુરથી દિલ્હીના ઝોનલ આશ્રમ પર આવ્યા હતા. તે દિવસે સાંજે તેમણે સત્સંગ કરાવ્યો હતો. સમગ્ર સ્થળ પર ઉત્સવ જેવું વાતાવરણ હતું. પૂ.માસ્ટરે પ્રથમ વાર કોટેજમાં રાત્રિ–રોકાણ કર્યું હતું. તા.૧૩મી ફેબ્રુઆરીની સવારે તેમણે સત્સંગ કરાવ્યો અને બપોર બાદ ભોપાલ જવા માટે નીકળી ગયા. ભોપાલ ખાતે તેમણે તા.૧૫મી ફેબ્રુઆરીના રોજ મેડિટેશન હોલનું ઉદ્ઘાટન કર્યું હતું. આ આશ્રમ આદમપુરના છાવણીવાડાના ગામડામાં આવેલો છે, જે ભોપાલ શહેરથી ૧૫ કિ.મી.ના અંતરે છે. તે દિવસે સત્સંગ પછી તેમણે બે લગ્નો કરાવ્યા હતા. મોડેથી તેઓ મોટરમાર્ગે ઈન્દોર જવા માટે નીકળી ગયા હતા. તા.૧૬મી ફેબ્રુઆરીના રોજ તેમણે ઈન્દોર આશ્રમ ખાતે મેડિટેશન હોલનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે ભાઈ શ્રી અજય ભટ્ટે પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે "આશ્રમનો ઉપયોગ ધ્યાન માટે કરવાનો છે અને આપણી પોતાની અંદર આપણા એકમાત્ર લક્ષ્ય તરીકે પૂ.માસ્ટરને જ સ્થાપવાના છે." તેમણે એમ પણ કહ્યું કે આવનારા સમયમાં વધારે લોકો આધ્યાત્મિકતા સ્વીકારશે. આ આશ્રમ શહેરની અંદર જ આવેલો છે અને તેમાં બેસવાની ક્ષમતા ૮૦૦ વ્યક્તિઓની છે. તા. ૧૮ ફેબ્રુઆરીની સવારે પૂ.માસ્ટર મુંબઈ જવા માટે નીકળી ગયા હતા. મુંબઈમાં તેઓ કોલકતા જતાં પહેલાં એક દિવસ થોડો આરામ કરવા રોકાયા હતા અને ત્યાર બાદ અન્ય સ્થળો તરફ તેમણે પોતાની યાત્રા ચાલુ રાખી હતી.

શ્રી રામચંદ્ર મિશન®
એકોઝ ઈન્ડીયા
મુખ્ય મથકનાં સમાચાર
માર્ચ ૨૦૦૯ માત્ર અંગત પ્રકાશન માટે વર્ષ ૨ અંક ૨

## નિબંધલેખન સ્પર્ધાના પરિણામો





વર્ષ ૨૦૦૮ની નિબંધલેખન સ્પર્ધા કે જેમાં સમગ્ર દેશમાંથી ૭૫૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, તેનાં પરિણામો જાહેર થઈ ચૂક્યા છે. નિબંધલેખન સ્પર્ધા હિંદી, અંગ્રેજી તથા અન્ય પ્રાદેશિક ભાષાઓમાં યોજવામાં આવી હતી. જુનિયર વયજૂથ માટે વિષય હતો, "સત્ય એ જ હિંમત છે" અને સિનિયર વયજૂથ માટે વિષય હતો, "આત્મ–સન્માન તથા આત્મ–વિશ્વાસ વ્યક્તિના ચારિત્ર્યને ઘડી શકે છે."

જુનિયર વયજૂથ, અંગ્રેજી વિભાગના વિજેતાઓ છે – આકાંક્ષા (પૂણે), અમલ (દિલ્હી), સુષ્મા (હૈદ્રાબાદ), અરહૂન (વડાગરા, કેરાલા), દેબોપ્રિયા (રાંચી), દિવ્યા (માઝીપુર, ઉ.પ્ર.), નયના (મોહાલી), સારિકા (નાસિક) અને સિધ્ધાંત (શક્તિનગર, ઉ.પ્ર.).

સિનિયર વયજૂથમાં વિજેતા છે – અનુરાધા (નૈનીતાલ), નરેશ (જયપુર), સમીના (ઈન્દોર), અનુપ (નમક્કલ, તમિલનાડુ), દિવ્યા (નોઈડા), ઈશિકા (કુલ્લુ, હિમાચલ પ્રદેશ), કિથાન (ચેન્નાઈ), સ્નેહલ (પૂણે) અને વરૂણ (જલંધર).


## નવીન પ્રકાશનો

### લાલાજીનું જીવન – ડીવીડી અને પુસ્તકનો સેટ




પૂ.લાલાજીની જન્મજયંતિના પવિત્ર પ્રસંગે અમને "લાલાજીનું જીવન" – ડીવીડી સેટ રજૂ કરતાં ખૂબ આનંદ થાય છે. પૂ.લાલાજીના જીવન અને ઉપદેશો પર આધારિત આત્મકથાત્મક ચલચિત્રનું નિર્માણ, ભજવણી તથા પ્રકાશન, થોડાં વર્ષો પહેલાં પૂના કેન્દ્રના અભ્યાસીઓ દ્વારા વિડિયો કેસેટના સ્વરૂપમાં કરવામાં આવ્યા હતા. સતત અને લોકપ્રિય માંગના આધારે, તેનું પૂ.લાલાજી મહારાજના કેટલાંક વિરલ ફોટાઓ સહિત સુંદર રીતે ખોખામાં ભરેલા ડીવીડી અને પુસ્તકના એક સેટ તરીકે પુન:પ્રકાશન કરવામાં આવી રહ્યું છે.

### સહજ માર્ગ પુસ્તિકા




આ પુસ્તિકા આધ્યાત્મિક જિજ્ઞાસુઓ માટે સહજ માર્ગ ધ્યાન પધ્ધતિની અદભૂત વિધિવત રજૂઆત તરીકે ઉપયોગ થઈ શકે છે. આ એક એવું આદર્શ અને પ્રમાણભૂત રજૂઆત કરતું વિષયતત્ત્વ છે કે જે સહજ માર્ગમાં જોડાવા માંગતા તમામ સંભવિત ઉમેદવારો સાથે વહેંચવાની ભલામણ કરવામાં આવે છે. તેમાં સહજ માર્ગ સાધના પધ્ધતિના મુખ્ય ઘટકતત્ત્વો સાથે સ્થાનિક સંપર્ક અંગેની માહિતી પૂરી પાડવામાં આવી છે તથા તેને સહજ માર્ગની માહિતી આપતા કાર્યક્રમોમાં વહેંચી શકાય છે.

## મિશનની ભારત ખાતેની કાર્યવાહીનું સિંહાવલોકન



તમિલનાડુના લણણી અને કાપણીના ઉત્સવ "પોંગલ"ના એક સપ્તાહ પહેલાં બાબુજી મેમોરિયલ આશ્રમ પુષ્કળ પ્રવૃત્તિઓનો સાક્ષી બન્યો હતો. મિશનના કાર્યકર્તાઓ અને હોદ્દેદારોનો ૨૦૦ જેટલો સમૂહ, જેમાં વર્કિંગ કમિટિના સભ્યો, ઝોન–ઈન–ચાર્જ તથા સેન્ટર–ઈન–ચાર્જ કે જેઓ સમગ્ર ભારતમાંથી ચેન્નાઈ આશ્રમ ખાતે આવ્યા હતા, તેઓ તેમની કાર્યવાહીના ઘનિષ્ટ સિંહાવલોકન માટે તા.૧૦મી જાન્યુઆરીથી તા.૧૨મી જાન્યુઆરીના ત્રણ દિવસો માટે ભેગા થયા હતા.

ખા.૧૦મી જાન્યુઆરીના રોજ પૂ.માસ્ટરે ઝોન–ઈન–ચાર્જની મીટીંગને સંબોધન કર્યું હતું. તેમનાં બંને પ્રવચનોમાં પૂ.માસ્ટરે આપણા મિશનમાં શિસ્તના સતત નીચા જતા ધોરણો પ્રત્યે પોતાની નારાજગી પ્રગટ કરી હતી અને કહ્યું હતું કે જો શિસ્તની અવગણના કરવામાં આવશે, તો છેવટે તે મિશનના ભાગલા તરફ દોરી જશે. તેમણે એ વાતનું દુ:ખ વ્યક્ત કર્યું કે ખૂબ જ દુ:ખદ રીતે ૧૯૬૬માં જાહેર કરાયું હતું કે તેઓ અભ્યાસીઓને જાતિ અને ધર્મથી પર જઈને સંયુક્ત કરવામાં નિષ્ફળ ગયા છે, તેના ચાર દાયકા પછી પણ મિશનમાંથી જાતિના ભેદભાવો અદ્રશ્ય થયા નથી.

પૂ.માસ્ટરે કહ્યું કે આપણે ગુરુને દિવ્ય રીતે પ્રેમ કરવા માટે સક્ષમ નથી, પણ આપણે તેમની સેવા કરીને તેમની કૃપા આકર્ષી શકીએ છીએ, જે આપણને સુલભ રીતે પ્રાપ્ય પણ છે.

આપણામાં જે બાહ્ય પરિવર્તનની સમગ્રપણે કમી છે તે અંગેના પૂ.માસ્ટરના નિરીક્ષણો તેમના થકી સાંભળવા એ એક દુ:ખદ અનુભવ હતો – જેનો તેઓ તેમના તાજેતરના પ્રવચનો અને ટીકાઓમાં વારંવાર ઉલ્લેખ કરે છે.

સેન્ટર–ઈન–ચાર્જ માટેની વર્કશોપ દરમિયાન ભાગ લેનારાઓને કેન્દ્રનો વહીવટ, હિસાબો, પ્રકાશનો, સલામતી, સભ્યપદ અને તેવી જ અન્ય બાબતો અંગે અદ્યતન માહિતી આપવામાં આવી હતી. ભાગ લેનારાઓએ રજૂઆત કરનારાઓ સાથે ઉપયોગી વિચાર વિનિમય કર્યો હતો અને પોતાના સંશયો દૂર કર્યા હતા. આ કાર્યક્રમ દર બે વર્ષે યોજવાનું નક્કી થયું હતું.




### ખાસ પ્રકાશન

"વ્હિસ્પર્સ ફ્રોમ ધ બ્રાઈટર વર્લ્ડ – એ સેકન્ડ રિવિલેશન"ને ૩૦મી એપ્રિલના રોજ પ્રકાશિત કરવામાં આવશે.

પૂ.માસ્ટરે આપણને આપણી પોતાની ખાસ સંગ્રાહકની આવૃત્તિ ઘટાડી સ્વૈચ્છિક દાનની રકમ મેળવવા સક્ષમ કર્યા છે. વધારે માહિતી માટે મહેરબાની કરીને તમારા સ્થાનિક મિશનના વહીવટકર્તાનો સંપર્ક કરો.

શ્રી રામચંદ્ર મિશન®
એકોઝ ઈન્ડીયા
પ્રાદેશિક પ્રવૃત્તિઓ
માર્ચ ૨૦૦૯ માત્ર અંગત પ્રકાશન માટે વર્ષ ૨ અંક ૨



# પૂજ્ય લાલાજી મહારાજના જન્મદિવસની ઉજવણીઓ

## આલુવા, કેરાલા

આલુવા કેન્દ્રે સવારે ૯ વાગે અને સાંજે ૫ વાગે સત્સંગ સાથે આખા દિવસના કાર્યક્રમનું આયોજન કર્યું હતું. પૂ.લાલાજીના જીવનની એક વિડિયો દર્શાવવામાં આવી હતી, જે આપણા આદિગુરુએ સૂચવેલા સહજ માર્ગના સિધ્ધાંતોનો ચિતાર આપતી હતી. આ વિડિયો હિન્દીમાં હોવાને કારણે તેનું મલયાલમમાં ભાષાંતર કરવામાં આવ્યું હતું, કે જેથી અભ્યાસીઓ તે સહેલાઈથી સમજી શકે. વિડિયો દરમિયાન થોડા થોડા સમયે આ ભાષાંતર વાંચવામાં આવતું હતું, કે જેથી એકત્રિત થયેલા બધાંને સંતોષ થાય. આના કારણે બધાં પૂ.માસ્ટરના સ્મરણમાં રહી શક્યા હતા અને આ, ઉજવણીનો મુખ્ય હેતુ હતો.

## ગુલબર્ગા, કર્ણાટક

ગુલબર્ગા જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાંથી આવેલા આશરે ૨૮૦ અભ્યાસીઓ અને ૭૦ બાળકોએ આ એક દિવસના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. અભ્યાસીઓએ ઉજવણીના એક દિવસ અગાઉ આવવાની શરૂઆત કરી દીધી હતી અને તેમના રાત્રિ–રોકાણ તથા ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. ૨જી ફેબ્રુઆરીએ સવારે ૯ વાગે સત્સંગ રાખવામાં આવ્યો હતો. નાસ્તા પછી લાલાજીના જીવન પર એક વિડિયો દર્શાવવામાં આવી હતી. બપોરના ભોજન બાદ બાળકોએ ગીતો અને કવિતાઓ રજૂ કરી હતી, જ્યારે અભ્યાસીઓએ ભજનો રજૂ કર્યાં હતાં. સાંજનો સત્સંગ ૫ વાગે હતો. આખા દિવસ દરમિયાન વિશેષ કૃપાભર્યા વાતાવરણનો અનુભવ થયા હોવાનું ઘણાં અભ્યાસીઓએ જણાવ્યું હતું. કાર્યક્રમ ખૂબ સાદગીપૂર્ણ પરંતુ પ્રેમથી ભરપૂર હતો અને તેની બધાં અભ્યાસીઓએ ખૂબ કદર કરી હતી.

## વીજીટી, આંધ્ર પ્રદેશ

ગુન્તુર જિલ્લાના ખાઝીચેટ ખાતેના, હાલમાં જ પ્રાપ્ત થયેલા પ્રાદેશિક આશ્રમમાં (૫૦ એકર) ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. નજીકના ઉપકેન્દ્રોમાંથી બાળકો સહિત ૧૦૦૦થી પણ વધારે અભ્યાસીઓએ આ સમારંભમાં હાજરી આપી હતી.

સવારના સત્સંગ પછી પૂ.લાલાજી મહારાજના જીવનચરિત્ર અને ઉપદેશોનું વાંચન કરવામાં આવ્યું હતું. બાળકો દ્વારા કરવામાં આવેલાં ચિત્રો, પઠન અને નાની નાટિકાઓ, સહજ માર્ગના સત્યોથી ઉભરાતી હતી અને આધ્યાત્મિક ઉન્નતિની ખાતરી સાથે, ભાવિ પેઢી પર સહજ માર્ગની ચોટદાર અસરની સાબિતી આપતી હતી. મિશનના જોઈન્ટ સેક્રેટરી ભાઈ એ.પી.દુરાઈએ કાર્યક્રમોમાં ભાગ લઈ, અભ્યાસીઓનો ઉત્સાહ વધાર્યો હતો અને પ્રશિક્ષકોની મીટીંગ પણ આયોજી હતી.

## કટક, ઓરિસ્સા

કટક ખાતે બે દિવસની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં ઓરિસ્સા વિસ્તારના બધા કેન્દ્રોમાંથી આશરે ૧૬૦ અભ્યાસીઓએ ભાગ લીધો હતો.

૧લી ફેબ્રુઆરીએ, સત્સંગ પછી, પૂ.માસ્ટરના વાર્તાલાપોના વિશિષ્ટ તત્ત્વો દ્વારા, મિશનનો વિકાસ, વૈશ્વિક મંદીની અસર, મિશનની પ્રવૃત્તિઓ કેવી રીતે વધારવી, તેમજ અભ્યાસીઓનો બહોળા પ્રમાણમાં પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે પ્રોત્સાહન આપવા વિશે ચર્ચા કરવામાં આવી હતી.

૨જી ફેબ્રુઆરીએ, સત્સંગ પછી, પૂ.લાલાજી મહારાજે સહજ માર્ગ સાધનાના અભિન્ન અંગ તરીકે જેના પર ભાર મૂક્યો છે, તે સિધ્ધાંતો પર વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. સ્વયંશિસ્ત, કંઈ પણ આશા વગર બીજાની સેવા કરવી, આપણી જાતને તૈયાર કરવી કે જેથી પૂ.માસ્ટર આપણી અંદરનું પરિવર્તન સારી રીતે કરી શકે, વગેરે ગુણોને વિકસાવવા બાબતે ચર્ચા થઈ હતી.

પછીના કાર્યક્રમમાં માસ્ટર, મિશન અને આત્મનિરીક્ષણ પર શ્રધ્ધાનો વિકાસ કેવી રીતે કરવો, તે વિશે અભ્યાસીઓએ પોતાના અનુભવો દર્શાવ્યા હતા. સાંજે બાળકો અને યુવાન અભ્યાસીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. અહીં જે દિવ્ય વાતાવરણ હતું, તેને દરેક વ્યક્તિ અનુભવી શકતી હતી અને સૌને 'તેની' કૃપાનો લાભ મળ્યો હતો.

## મુંબઈ, મહારાષ્ટ્ર

આ સમારંભમાં મુંબઈ કેન્દ્રના અભ્યાસીઓએ ખૂબ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. રવિવારે, આ સમારંભ સવારના ધ્યાનથી શરૂ થયો પછી, ભજનો, પૂ.લાલાજી મહારાજના જીવન પર વાંચન અને પૂ.લાલાજી મહારાજના ઉપદેશોમાંથી "અભ્યાસીઓના કર્તવ્ય" ઉપર ચર્ચા કરવામાં આવી હતી. બપોરે, યુવાન ટીમે "મધ્યપૂર્વના સૂફી સંતો" પર નાની નાટિકા રજૂ કરી હતી, જેનાથી વિચારો જાગૃત થઈ ગયા હતા.

૨જી ફેબ્રુઆરીએ, સવારના સત્સંગ પછી બહેનોએ ભજનો અને બાળકોએ નાના નાટકો રજૂ કર્યા હતા. પૂ.લાલાજીના ઉપદેશોને ગ્રહણ કરવા, બપોરે "લાલાજીનું જીવન" ઉપર એક ફિલ્મ દર્શાવવામાં આવી હતી. આશ્રમનું સંપૂર્ણ વાતાવરણ પરમ આનંદથી છલકાતું હતું અને સમારંભનું સમાપન થતાં, સાંજના સત્સંગ પછી બધાં 'ચાર્જડ' હાલતમાં પાછા ઘરે ગયા.

## અહમદનગર, મહારાષ્ટ્ર

આ શુભ દિવસે મહારાષ્ટ્રના ઘણાં કેન્દ્રોમાંથી આશરે ૨૧૬ અભ્યાસીઓએ ભાગ લીધો હતો. સવારના સત્સંગ પછી, પૂ.લાલાજી મહારાજની યાદમાં, ભજનો, બાળકોની નાટિકાઓ, ચર્ચાવિચારણાઓ અને વાર્તાલાપોનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથોસાથ અહમદનગર અને નજીકના સ્થળોના આધ્યાત્મિકતાના જિજ્ઞાસુઓ માટે એક ઓપન–હાઉસનું આયોજન કરવામાં આવ્યું હતું. આનું સંચાલન શિરવાલના ભાઈ આર.ડી.કુલકર્ણી અને સતારાના બહેન કાલેએ કર્યું હતું.

આ ઉજવણીનું પરિણામ ભાઈ સુભાષ વૈદ્યે નીચેના શબ્દો દ્વારા યથાર્થ રીતે વર્ણવ્યું હતું, "આપણા અતિપ્રિય માસ્ટર પાસેથી આપણે જે કંઈ પણ મેળવ્યું છે, તેને આપણે સૌ સાથે ખુલ્લા દિલે વહેંચવું જ જોઈએ, કે જેથી આપણા પર પૂ.માસ્ટરની કૃપા હંમેશાં રહે.

શ્રી રામચંદ્ર મિશન®
# એકોઝ ઈન્ડીયા

પ્રાદેશિક પ્રવૃત્તિઓ

માર્ચ ૨૦૦૯ માત્ર અંગત પ્રકાશન માટે વર્ષ ૨ અંક ૨





## મેડિટેશન હોલનું ઉદઘાટન – વલસાડ, ગુજરાત

પૂ.લાલાજી મહારાજના જન્મદિવસે ભાઈ સી.રાજગોપાલને વલસાડમાં મેડિટેશન હોલનું ઉદઘાટન કર્યું હતું. આ સાથે, આશ્રમ પર રવિવારના સત્સંગની શરૂઆત થઈ ચૂકી છે. આ કાર્યક્રમમાં દક્ષિણ ગુજરાતના વિવિધ કેન્દ્રોના આશરે ૩૦૦ અભ્યાસીઓએ ભાગ લીધો હતો, જેમાં પૂ.લાલાજી મહારાજ વિશે વિડિયો, અભ્યાસી ભાઈઓ દ્વારા વાર્તાલાપો અને પ્રશિક્ષકો સાથે મીટીંગ, વગેરેનો સમાવેશ થાય છે.

દોઢ એકરથી પણ વધારે જમીન પર પથરાયેલો આ આશ્રમ વલસાડ–ધરમપૂરના રાજ્યમાર્ગથી નજીક, મુંબઈ–દિલ્હીને જોડતા નેશનલ–હાઈવે નં.૮થી ૪ કિ.મી. દૂર છે. મેડિટેશન હોલમાં ૨૫૦ અભ્યાસીઓનો સમાવેશ થઈ શકે છે. આ આશ્રમમાં બાળકોનો વિભાગ, ટોઈલેટ બ્લોક, સ્ટોર અને સીક્યુરીટીની કેબીન પણ છે.

ઉદઘાટન પ્રસંગ પહેલાં, સુરત, નવસારી અને વાપી જેવાં આજુબાજુનાં સેન્ટરો ખાતે સત્સંગોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સત્સંગો પછી, વાર્તાલાપો અને સવાલ–જવાબના કાર્યક્રમો ગોઠવેલાં હતાં.

## પ્રશિક્ષકોની તાલીમનો કાર્યક્રમ (પીટીપી – બેચ ૧)

આ કાર્યક્રમની પહેલી બેચનું આયોજન ટીએન ઝોન–દક્ષિણ, ૨–બી ઝોનના પ્રશિક્ષકો માટે માલમપુઝા રિટ્રીટ સેન્ટર ખાતે કરવામાં આવ્યું હતું. આમાં ૪૬ પ્રશિક્ષકોએ ભાગ લીધો હતો.

આધ્યાત્મિક તાલીમ આપનાર માટે અનિવાર્ય કાર્યો, પ્રશિક્ષકનું કાર્ય તથા ટીમ–વર્ક અને સુમેળતા, જેવા વિષયોને આવરી લેવામાં આવ્યા હતા. આ ખૂબ જ સરસ રીતે તૈયાર કરી, ખૂબ જ કાળજીપૂર્વક, અભિરૂચિ અને પ્રેમપૂર્વક તેની રજૂઆત કરવામાં આવી હતી. તેની યથાર્થતા અને ભાગ લેનારની ગ્રહણશક્તિને કારણે, આ કાર્યક્રમો ખૂબ જ અસરકારક રહ્યા હતા.

માલમપુઝા રિટ્રીટનું વાતાવરણ અને સગવડતાઓ ખરેખર ખૂબ જ વિશેષ લાગી અને ખાસ આવા કાર્યક્રમ માટેજ હોય, તેવું લાગ્યું.

આ તાલીમી કાર્યક્રમ ભોજન અને ચાના સમય સાથે લગભગ ૧૦ કલાક ચાલ્યો હતો.

આ બે દિવસમાં જે બન્યું, તે 'તેના' પ્રેમ, પરવાનગી અને ઉપસ્થિતિથી શક્ય બન્યું હતું, જેને માટે સૌએ પૂ.માસ્ટર પ્રત્યે કૃતગ્નતા દર્શાવી હતી.

## કેરાલાના પ્રશિક્ષકોનો સેમિનાર – આલુવા

આખાંય કેરાલાના બધાં જ પ્રશિક્ષકોનો સેમિનાર ૩૧મી જાન્યુઆરીથી ૧લી ફેબ્રુઆરી ૨૦૦૯ના રોજ આલુવા ખાતે યોજવામાં આવ્યો હતો. આ સેમિનારના પ્રમુખપદે ઝોન–ઈન–ચાર્જ ભાઈ કે.યુ. મોહન હતા. આ સેમિનારનો ઉદ્દેશ, ચેન્નાઈ ખાતે યોજવામાં આવેલ ઝોન–ઈન–ચાર્જ અને સેન્ટર–ઈન–ચાર્જની મીટીંગ દરમિયાન થયેલી ચર્ચાના અગત્યના મુદ્દાઓ જણાવવાનો હતો. આ સેમિનાર પણ ચેન્નાઈની મીટીંગની ઢબે જ યોજવામાં આવ્યો હતો. ત્રણ ફેસીલીટેટરોએ વાર્તાલાપો આપ્યા હતા. તેમાં સેન્ટર–ઈન–ચાર્જની જવાબદારીઓ, ચારિત્ર્ય–ઘડતર, આશ્રમો, મિશનનાં લગ્નો, પુસ્તકોનું વેચાણ અને પ્રકાશન, સુરક્ષા, હિસાબ–કિતાબ, વગેરે ૧૧ વિષયો આવરી લેવાયા હતા. આ સેમિનાર મિશનના કાર્યકર્તાઓના ગ્નાનમાં વધારો કરવામાં અને તેમનાં કાર્યને એક સૂચક દિશા આપવામાં અસરકારક રહ્યો હતો.

## ઉત્તર કર્ણાટકના પ્રશિક્ષકોનો સેમિનાર



ગુલબર્ગા આશ્રમ ખાતે ઉત્તર કર્ણાટક વિભાગના પ્રશિક્ષકોનો સેમિનાર તા.૨૫ ડિસેમ્બર ૨૦૦૮ના રોજ યોજવામાં આવ્યો હતો. આ સેમિનારમાં ૩૦ પ્રશિક્ષકોએ ભાગ લીધો હતો. ઝોન–ઈન–ચાર્જ ભાઈ રાજુ કાસમપુરનો વાર્તાલાપ પણ આ કાર્યક્રમનો એક ભાગ હતો. આ કાર્યક્રમ દરમિયાન કેન્દ્રના સ્તરની પ્રવૃત્તિઓની ચર્ચા–વિચારણા પણ કરવામાં આવી હતી. દા.ત.કામ પર મનન, ગૃપ–ડિસ્કશન, સવાલ–જવાબ, ઓપન–હાઉસ સત્રોનું આયોજન, અભ્યાસીઓનો તાલીમી કાર્યક્રમ, આખા દિવસના કાર્યક્રમનું આયોજન અને નજીકના કેન્દ્રોના સિટિંગ–ચાર્ટ અને તેના રિપોર્ટનું આયોજન. સત્સંગ પછી, પ્રશિક્ષકોના કાર્યને લગતા અગત્યના મુદ્દાઓને આવરી લેતી પૂ.માસ્ટરની ઓડિયો સીડી સાંભળવામાં આવી હતી. દરેક પ્રશિક્ષકે અનુભવ્યું કે આ કાર્યક્રમ ઘણો ફળદાયી રહ્યો અને તેમણે જણાવ્યું કે આવા સેમિનારો દર ૬ મહિને યોજાવા જ જોઈએ.



ઈશ્વર અને માનવી વચ્ચે એકમાત્ર વસ્તુ અવરોધરૂપ છે અને તે છે, તેની અંદરનો E-G-O, 'ઈગો', અહમ. જ્યારે અહમને ત્યજી દેવાય છે, ફેંકી દેવાયછે, તેનું સમર્પણ કરાય છે, ત્યારે આપણી પાસે તેની જગ્યાએ હોય છે, G-O-D, 'ગોડ', ઈશ્વર.
–ચારીજી

## ચારિત્ર્ય ઘડતર વિશે અભ્યાસી તાલીમી ટ્રેનીંગ કાર્યક્રમ



૪થી જાન્યુઆરીના દિવસે આસામના દિગ્બોઈ કેન્દ્ર દ્વારા, એક આખા દિવસના અભ્યાસી તાલીમી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નજીકના કેન્દ્રો જેવાં કે તિન્સુકીયા, તેજાપુર, જોરહટ, સિબસાગર, દુલિયાજન, નાહરકાતિયા, દિબ્રુગઢ, આસામના ડુમડુમા અને અરૂણાચલ પ્રદેશમાંથી લગભગ ૨૦૦ અભ્યાસીઓએ હાજરી આપી હતી. પૂ.માસ્ટરે તાજેતરમાં આપેલાં લગાતાર ભાષણોમાં, "ચારિત્ર્ય ઘડતર" પર સૌથી વધારે ધ્યાન દોર્યું હતું. તેથી કાર્યક્રમમાં "ચારિત્ર્ય ઘડતર" વિષય ઉપર ભાર મૂકવામાં આવ્યો હત. ગૌહાટીના ભાઈશ્રી અશોક સેનગુપ્તાએ લાલાજી મહારાજે કહેલા શબ્દોના સંદર્ભમાં રજૂઆત કરતાં કહ્યું હતું કે, "જો વ્યક્તિએ આધ્યાત્મિકતામાં ગમે એટલી ઉન્નતિ કરી હોય, પણ જો તે વ્યક્તિ અનૈતિક હોય તો, તેને આધ્યાત્મિકતાની સહેજ પણ અસર થઈ હોતી નથી." તેના પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો હતો કે, "આપણી આધ્યાત્મિક ઉન્નતિની જવાબદારી ગુરૂજીની છે, પણ આપણા ચારિત્ર્ય અને મનોવૃત્તિને રૂપાંતરિત કરવા માટે જવાબદાર આપણે જ છીએ." અને બાબુજીના સર્વશ્રેષ્ઠ શબ્દો સમજાવતાં કહ્યું હતું કે તમારી અંદરના પરિવર્તનની ખાતરી કરવા, પહેલાં તમારી જાત પ્રત્યે વફાદાર હોવું જ જોઈએ. આની રજૂઆત પછી, મુખ્યત્વે યુવાનો તરફથી સવાલ–જવાબનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જેનાથી બધા જ શ્રોતાજનો, એમની પોતાની જાત પ્રત્યે દઢતાથી જવાબદારી સ્વીકારવા પ્રેરિત થયા હતા.

## ભદ્રાવતી, કર્ણાટક

ભદ્રાવતી, જેમાં ૧૯૨૨માં, આઝાદી પહેલાં એમ.વિશ્વેશ્વરૈયા દ્વારા પહેલી સ્ટીલ ઈન્ડસ્ટ્રીની શરૂઆત કરવામાં આવી હતી, ત્યાં આ વર્ષે ૨જી ફેબ્રુઆરીએ મિશનની પહેલી ઉજવણી ઉજવાઈ હતી.

જે સેન્ટરની ૨૦૦૮માં, ત્રણ અભ્યાસીઓથી શરૂઆત થઈ હતી, એમાં પૂ.માસ્ટરના આશીર્વાદથી તથા સ્થાનિય અભ્યાસીઓ અને સ્વયંસેવકોના ઉત્સાહથી અને શીમોગા, તીપતુર અને બેંગલોરના અભ્યાસીઓની પુષ્ટિકારક મુલાકાતોથી, અભ્યાસીઓની સંખ્યા ૩૦ની થઈ હતી. બહેન નાગમણીના ઘરમાં ઉજવણી રાખવામાં આવી હતી, અને ભોજનની વ્યવસ્થા સ્થાનિય અભ્યાસીઓએ કરી હતી. બેંગલોરનાં બહેન રૂપા અને ભાઈ પ્રમોદે એક દિવસીય કાર્યક્રમનું સંચાલન કર્યું હતું, એમાં લાલાજી મહારાજની વિડિયો, અભ્યાસની બાબતમાં ચર્ચા અને આપણા ગુરૂદેવોના કથનોમાંથી અમુક કથનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જેનાથી ભાગ લેનારા અભ્યાસીઓ આખો દિવસ પ્રવૃત્ત રહ્યા હતા.

યુવાન સ્વયંસેવકોનો ઉત્સાહ અને આ નવા સેન્ટરના અભ્યાસીઓ દ્વારા, આશ્રમનો કાર્યક્રમ રાખવા બનાવાયેલી તાકીદ જોવી, એ ખરેખર આનંદદાયક હતું.

## ભવિષ્યની તૈયારી માટે–યુથ સેમિનાર



બેંગલોરમાં, ૨૪થી ૨૬ જાન્યુઆરી, ત્રણ દિવસનો રેસિડેન્શીલ યુથ સેમિનાર, "ભવિષ્યની તૈયારી માટે" રાખવામાં આવ્યો હતો. ૧૮ થી ૩૫ વર્ષની વય ધરાવતા, લગભગ ૨૫ અભ્યાસીઓએ તેમાં ભાગ લીધો હતો. દરેક દિવસની શરૂઆત સત્સંગથી થતી હતી, દિવસ દરમ્યાન ભાષણો અને ચૂંટેલા વિષયો પર ચર્ચા કરવામાં આવતી હતી. એ પછી સાંજે સ્વયંસેવાનું કાર્ય કરવામાં આવતું હતું. પહેલા દિવસે ચારિત્ર્ય–ઘડતર, ટીમ–વર્ક, ભાઈચારો અને સહજ માર્ગનાં મૂળતત્ત્વો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. બધા જ અભ્યાસીઓ આંતરિક સંદેશનો અનુભવ કરી શક્યા હતા.

બીજા દિવસે, મિશનની વિવિધ પ્રવૃત્તિઓ વિશે રજૂઆત કરવામાં આવી હતી. પાછળથી અભ્યાસીઓએ એમની પસંદગીની પ્રવૃત્તિમાં સ્વૈચ્છિક સેવા આપવાની તૈયારી બતાવી હતી અને ઉત્સાહપૂર્વક ભાગ લઈને શરૂઆત કરી હતી.

ત્રીજા દિવસે, અભ્યાસીઓએ, એમના અનુભવોની આપ–લે કરી હતી. અને એમના જીવનમાં પૂ.માસ્ટરના પ્રભાવની અસર દેખાતી હતી. અભ્યાસીઓ દ્વારા, સેમિનારમાં નાટિકાઓ, સામુહિક એકતા વધારતી રમતો, અને આધ્યાત્મિક મહત્વ દર્શાવતી કેટલીક વિશેષ ફિલ્મો મોડી સાંજ સુધી રાખવામાં આવી હતી. યુવાનો સુધી પહોંચવાના ઘણા મહત્વના રસ્તાઓ અમે જોયા, યુવાનો મિશન માટે કાર્ય કરવા ઉત્સાહ અને ધગશથી ભરપૂર હોય છે. તેમની શક્તિઓને યોગ્ય દિશામાં વાળવા માટે આ રસ્તાઓ મદદરૂપ થાય છે.

## ચંદ્રપુર ખાતે અભ્યાસી તાલીમી કાર્યક્રમ

૨૮મી ડીસેમ્બર, ૨૦૦૮ના દિવસે મહારાષ્ટ્રના ચંદ્રપુર સેન્ટરના બધાં જ અભ્યાસીઓ માટે, વધારે સારો અને ખંતપૂર્વકનો અભ્યાસ કરવાની યાદ આપતા અભ્યાસી તાલીમી કાર્યક્રમનું આયોજન હિંદીમાં કરવામાં આવ્યું હતું. તેનો હેતુ સહજ માર્ગનો અભ્યાસ અને એની ફિલોસોફીની રજૂઆત કરવાનો હતો. સવારના સત્સંગ પછી, ગુરૂદેવે હિંદીમાં આપેલા ભાષણ, "ઈશ્વર સે સંબંધ જોડો"ની વિડિયો સીડી બતાવવામાં આવી હતી. માનવ જીવનનું ધ્યેય, માસ્ટરની ભૂમિકા, પ્રાર્થના, ધ્યાન, સફાઈ અને ડાયરી લખવાના મહત્ત્વ વિશે વક્તવ્યો આપવામાં આવ્યાં હતાં. બપોરે કેટલાક વક્તાઓએ સહજ માર્ગ સાધનાનાં વિવિધ પાસાંઓ પર, એમનાં મંતવ્યો રજૂ કર્યાં હતાં. એ પછી, સાધનામાં વ્યક્તિગત રૂચિ અને સાચો અભિગમ જાણવા માટે, અભ્યાસીઓની વચ્ચે એક પ્રશ્નાવલિ ફેરવવામાં આવી હતી. કાર્યક્રમની સમાપ્તિ, સાંજના સત્સંગથી કરવામાં આવી હતી.







## ઔરંગાબાદ ખાતે ચિલ્ડ્રન્સ વર્કશોપ

૧૮મી જાન્યુઆરી, ૨૦૦૯ના રોજ ઔરંગાબાદ ખાતે, એક દિવસ માટે ચિલ્ડ્રન્સ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. ૫ થી ૧૨ વર્ષની વચ્ચેની વયનાં ૨૨ બાળકો ગમ્મત અને જ્ઞાન સાથે જીવન જીવવાની રીત વિકસાવવા ભેગાં મળ્યાં હતાં. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી થઈ હતી, ત્યાર પછી ચિત્ર–હરિફાઈ રાખવામાં આવી હતી. પછી, પરસ્પર અસરકારક નીવડેલો એક અદ્વિતીય કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો, જેમાં બાળકોએ પ્રકૃતિનાં તત્ત્વોને અને એમના ગુણોને ઓળખી બતાવ્યાં હતાં અને સમજાવ્યાં હતાં. બધાં જ બાળકો આટલી સારી રીતે જોડાયાં હતાં, એ જોવું ખૂબ આહ્લાદક હતું. બાળકોને આશા અને કૃતજ્ઞતાની વાર્તાઓ કહેવામાં આવી હતી.

## વીબીએસઈ ફેકલ્ટી ડેવલપમેન્ટ અને ફેસીલીટેશન કાર્યક્રમ–રાંચી

૨૦૦૯, જાન્યુઆરીની ત્રીજી અને ચોથી તારીખ દરમિયાન, રાંચી ખાતે બે દિવસનો રાજ્ય કક્ષાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ઝારખંડ રાજ્યમાં વીબીએસઈની પ્રવૃત્તિને વેગવાન બનાવવાના આ કાર્યક્રમમાં લગભગ ૫૯ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો, જેનું સંચાલન ભાઈ અરૂણ દવે અને બહેન લીના દવેએ કર્યું હતું. વક્તાઓ કલકત્તાના હતા, સાથે ઝોન–ઈન–ચાર્જ ડૉ.જી.એમ.ભટનાગર, ભાઈ અરૂણકુમાર લાલ અને ભાઈ મનોજ તિવારી હતાં. વીબીએસઈના કાર્યક્રમનું માળખું તૈયાર કરી એને કેવી રીતે રજૂ કરવું, એના પર વક્તાઓએ પ્રકાશ પાડ્યો હતો, જે એવા સેન્ટરો માટે મદદરૂપ હતો, કે જ્યાં હજી આવી પ્રવૃત્તિઓ હાથ પર લેવામાં આવી નથી.

એમાં એવું સમજાવવામાં આવ્યું હતું કે આ કાર્યક્રમ એટલા માટે છે કે જ્યાં આપણને મૂલ્યોની વિચારસરણીનો ફેલાવો કરવાની તક મળે, ત્યાં આપણે તેમ કરી શકીએ. જો કે શાળાઓ માટે વીબીએસઈનો અભ્યાસક્રમ છે, અને કાર્યક્રમનો મુખ્ય દષ્ટિકોણ એને લગતી પ્રવૃત્તિઓ હોવાથી તે માત્ર શાળાઓ પૂરતો જ મર્યાદિત ન હોવો જોઈએ. અભ્યાસીઓના જીવનના દરેક ક્ષેત્રમાં આવે એવો હોવો જોઈએ. શિક્ષકોને પ્રેરણા આપવાની બાબતમાં, ભાઈ દવેએ એમના વિચારો દર્શાવ્યા હતા અને કહ્યું હતું કે શિક્ષકોજ વીબીએસઈના સાચા વાહક છે. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે આપણે દરેક જણને આધ્યાત્મિકતા તરફ દોરી જવા પડશે. બહેન લીનાએ જાહેરમાં બોલવા માટે કેટલાંક સલાહસૂચનો આપ્યાં હતાં. ભાઈ મનોજે, પ્રભાવશાળી વ્યક્તિત્વ વિકસાવવા માટે અને સંતુલિત જીવન તરફ ધ્યાન આપવા કહ્યું હતું. ભાગ લેનારાઓએ એમની પસંદગીના વિષયો પર રજૂઆત કરી હતી અને એમના વક્તવ્યની કળામાં વધારો કરવા ફીડબેક આપવામાં આવ્યું હતું.

સેન્ટરના ભવિષ્યની પ્રવૃત્તિઓ વિશે ચર્ચા કરવા માટે મિટિંગ રાખવામાં આવી હતી. એમાં સૂચવવામાં આવ્યું હતું કે વાર્તાઓ કહીને અને જૂની વિચારસરણીમાં થોડા ફેરફાર કરીને પ્રયોગાત્મક રીતે પ્રસ્તાવનાને વધારે રુચિકર બનાવી શકાશે. દરેક સેન્ટરને ટીચર્સ ટ્રેનીંગ કિટમાં, બે સીડી આપવામાં આવી હતી.



## તણાવ નિયંત્રણ અને સંતુલિત વિકાસ

ગુરૂ દત્તાત્રેય ઈન્સટીટ્યુટ ઑફ ટેકનોલોજી–ઈંદોર, ઈંદોર યુનિવર્સિટી અને રાજગઢ તથા ઈંદોર સેન્ટરથી ૨૦૦ કિ.મી. દૂરના સેન્ટરો સહિત મધ્ય પ્રદેશનાં વિવિધ સેન્ટરોમાં ઓપન હાઉસનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમનો વિષય હતો,"તણાવ નિયંત્રણ અને સંતુલિત વિકાસ". આ વક્તવ્ય આધ્યાત્મિક અભ્યાસના મહત્ત્વને સમજવાની જરૂર દ્વારા આપવામાં આવ્યું હતું. આપણે અનિયંત્રિત મનને કારણે તણાવ સર્જીએ છીએ અને ધ્યાનના અભ્યાસથી મનનું નિયંત્રણ શક્ય છે, તે સમજાવવામાં આવ્યું હતું. આપણાં પૂર્વ–યોજીત તર્કો અને પૂર્વગ્રહો જ આપણને યોગ્ય નિર્ણય લેતાં અટકાવી શકે છે. જ્યારે આધ્યાત્મિકતા આંતરિક અને બાહ્ય માગણીઓ વચ્ચે સંતુલન સ્થાપવામાં આપણને મદદ કરે છે.

પ્રેક્ષકગણ સમક્ષ સહજ માર્ગની માહિતી રજૂ કરવામાં આવી હતી. જીડીઆઈટી ખાતે ૨૦૦ વિદ્યાર્થીઓ અને ૩૦ ફેકલ્ટી મેમ્બરો કાર્યક્રમમાં હાજર રહ્યા હતાં. અભ્યાસીઓએ, નજીકનાં કેન્દ્રો, જેવાં કે ખીલચીપુર, કુરાબર અને બિઓરા સાથે મળીને રાજગઢ ખાતે, કાર્યક્રમનું આયોજન કર્યું હતું. લગભગ ૧૨૫ જણ કાર્યક્રમમાં હાજર રહ્યા હતાં અને એમાંથી ૩૫ જણે અભ્યાસ શરૂ કર્યો હતો. મોરેના ખાતે બીજું ઓપન હાઉસ રાખવામાં આવ્યું હતું, જેમાં ૮૩ જણે હાજરી આપી હતી અને ૩૩ જણ અભ્યાસ શરૂ કરવા રાજી હતાં.

## એન્જીનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓને સહજ માર્ગનો પરિચય – સોલાપુર

મહારાષ્ટ્રના સોલાપુરમાં, ગવર્નમેન્ટ મેડિકલ કોલેજના અભ્યાસી વિદ્યાર્થીઓએ, તા.૧૯ અને ૨૦ જાન્યુઆરીએ બી.આઈ.જી એન્જીનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓ સમક્ષ સહજ માર્ગની રજૂઆત કરી હતી. દરેક કાર્યક્રમમાં લગભગ ૩૦૦ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. સહજ માર્ગના આપણા યુવા વક્તાઓએ, સામાન્યપણે ધ્યાનની જરૂરિયાત અને એની ઉપયોગીતા વિશે ઘણી જ અસરકારક રીતે સમજ આપી હતી. અને ખાસ કરીને, સહજ માર્ગની ધ્યાન કરવાની રીત વિદ્યાર્થીગણને સમજાવી હતી. વિદ્યાર્થી પ્રેક્ષકગણ તરફથી મળેલી સંપૂર્ણ સ્વીકૃતિ જોઈ શકાય એવી હતી કારણ કે એમની જ વય ધરાવનાર જૂથ દ્વારા, તે પૂરેપૂરી દઢ માન્યતા અને સ્વાનુભવ સહિત પહોંચાડવામાં આવી હતી. ભાષણો પછી સવાલ જવાબનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જે લગભગ ૧૨૬ વિદ્યાર્થીઓના અભ્યાસ શરૂ કરવાની રુચિમાં પરિણમ્યો હતો. પાયાની માહિતી આપતાં પુસ્તકો પણ વિદ્યાર્થીઓને આપવામાં આવ્યાં હતાં. જે લોકોએ વધારે રુચિ દર્શાવી હતી એમને માટે કોલેજ વહીવટના સહકારથી હોસ્ટેલમાં જ સીટીંગ આપવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉત્સાહજનક પ્રતિસાદે અમને બીજી કોલેજ બી.એમ. ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, સોલાપુરનો સંપર્ક સાધવા લલચાવ્યા હતા. એ લોકો પણ અમારી દરખાસ્ત સાથે સહમત થયા હતા. સ્વયં સેવકોએ, આપણા પૂજ્ય ગુરૂદેવ પ્રત્યેની કૃતજ્ઞતાપૂર્વકની ભાવના સહિત, "કાર્યનું ઈનામ વધારે કાર્ય છે" એનો સ્વીકાર કર્યો હતો.

## અભ્યાસીઓ સાથે સંપર્ક



ચેન્નાઈમાં અભ્યાસીઓની સંખ્યા લગભગ ૮૫૦૦ નોંધાયેલી છે અને મણપાક્કમ આશ્રમ ખાતે રવિવારના સત્સંગમાં લગભગ ૨૫૦૦ સ્થાનિય અભ્યાસીઓની સહી હોય છે. ૨૮મી ડીસેમ્બરે, ક્રોમપેટ–ચેન્નઈના એક ઉપકેન્દ્ર દ્વારા કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. લગભગ ૧૨૦ અભ્યાસીઓ આવ્યા હતા. કાર્યક્રમ પહેલાં, નોંધાયેલા અભ્યાસીઓને આમંત્રણ આપવામાં આવેલ પ્રયત્નનો તે નિર્દેશ હતો. એમાં બે ટૂંકા ભાષણો હતાં. પહેલું ભાષણ સ્થાનિય પ્રશિક્ષકે અભ્યાસને આવરી લઈને આપ્યું હતું. અને બીજું એક અભ્યાસીએ આપ્યું હતું, જેમાં તેણે સહજ માર્ગ સાથેના અનુભવ વિશે જણાવ્યું હતું. અભ્યાસથી તેને જે રીતે ફાયદો થયો હતો એ બાબતમાં તેમણે જણાવ્યું હતું. એ પછી સવાલ જવાબનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તેને લીધે શંકાઓ દૂર કરવામાં, અભ્યાસ વિશેની સ્પષ્ટતાઓ કરવામાં અને અભ્યાસથી ફાયદો મેળવવા માટે નિયમિતતાની જરૂરિયાતને વધારે દઢ કરવાનું કાર્ય થયું હતું. બે કલાકના આ કાર્યક્રમનું સમાપન સત્સંગથી થયું હતું.

"અભ્યાસી બનાવ્યા પછી એની કાળજી"ની જરૂરિયાત વિશે પૂ.માસ્ટરે વારંવાર ભાર આપ્યો છે. સાંસારિક સમસ્યાઓને લીધે દરેક વ્યક્તિ અભ્યાસની શરૂઆત કરે છે, પણ અભ્યાસીઓને તેમની સાધનામાં સ્થિર થવા માટે, એમને મદદ કરવાનું પાસું, મહત્વનું પાસું છે. આ પ્રસંગ દ્વારા, આ હેતુ અસરકારક રીતે પાર પડ્યો હોય એવું લાગે છે.

## આધ્યાત્મિક જીવન માટે, અંગત ચારિત્ર્ય પાયારૂપ

આ વિષય પર ૩૦ થી ૫૦ વર્ષની વયના અભ્યાસીઓના જૂથ માટે, બે દિવસનો વિશેષ તાલીમી કાર્યક્રમ, ભાઈ અજય ભટ્ટર દ્વારા યોજવામાં આવ્યો હતો અને તે તા.૧૩ અને ૧૪ ડિસેમ્બર ૨૦૦૮ના રોજ બાબુજી મેમોરિયલ આશ્રમ, પનવેલ ખાતે રાખવામાં આવ્યો હતો.

ઓક્ટોબર ૨૦૦૮માં, પૂના સંમેલનની સફળતાથી પ્રેરાઈને એવોજ કાર્યક્રમ, પનવેલ ખાતે વયમાં મોટાં અભ્યાસીઓ માટે રાખેલો હતો. ભાષણો, પ્રવૃત્તિઓ, નાટિકાઓ, કોયડાઓ, રમતો અને 'માત્ર એમના તરફ જુઓ', 'ચારિત્ર્ય જીવનનું રક્ષણ કરે છે', 'બંધુત્વ', 'સહજ માર્ગને તમારી અંદર દેખાવા દો', અને 'લાયક બનવા સેવા કરો' જેવી રજૂઆતોનો મિશ્રણભર્યો આ કાર્યક્રમ હતો. પૂના અને નાસિક જેવાં નજીકનાં સેન્ટરોમાંથી પણ અભ્યાસીઓ જોડાયા હતા.

આત્મનિરીક્ષણ માટે અને ડાયરી લખવા માટે પૂરતો સમય ફાળવીને એક પછી એક ઘણાં કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. આ બધાજ વિષયો ભાઈશ્રી અજય ભટ્ટર સાથે ચર્ચા કરીને નક્કી કરવામાં આવ્યા હતા. એ એકબીજા સાથે એટલા બધા સંકળાયેલા હતા કે ઘણી વાર એક વિષયથી બીજા વિષય તરફ દોરી જતો હતો. અભ્યાસીઓ એટલા બધા પ્રભાવિત થઈ ગયા હતા કે બે દિવસો પણ ઓછા પડ્યા હતા. આવા કાર્યક્રમો વારંવાર થવા જોઈએ, એવી સૂચનાઓ સાથે કાર્યક્રમની સમાપ્તિ થઈ હતી.

## કોલ–બેલ્ટમાં સંમેલન – ઉત્તર આંધ્ર પ્રદેશ

ઉત્તર આંધ્ર પ્રદેશમાં, સામાન્ય રીતે જેનો કોલ–બેલ્ટ તરીકે ઉલ્લેખ કરવામાં આવે છે, એ વિસ્તારના લગભગ ૫૦ કિ.મી.ના ઘેરાવામાં આપણા મિશનનાં કેટલાંક સેન્ટરોનું અસ્તિત્વ છે. કોલસાની ખાણોના અધિકારીઓની મદદથી ઘણા સમય પહેલાં આ સેન્ટરોમાં આશ્રમો બાંધવામાં આવ્યા હતા, એમાં આપણા અભ્યાસીઓ ઘણા છે. આ બધી જગ્યાઓએ મધ્યમાં જયપુર છે. ત્યાં એની આજુ બાજુ, અભ્યાસીઓ માટે યોજનાબધ્ધ કોલોની સહિત ૧૦.૫ એકર જેટલી આશ્રમ બાંધવાની જગ્યા પણ છે.

૨૫મી જાન્યુઆરીને રવિવારે, આજુબાજુનાં સેન્ટરોમાંથી લગભગ ૨૦૦ અભ્યાસીઓ મન્ચેરીયલમાં, ટ્રેનીંગ ઈન્સ્ટીટ્યુટ ખાતે પહેલી સીટીંગમાં હાજર રહ્યા હતા. કેટલાક અભ્યાસીઓ અને એ.પી નોર્થના ઝોન–ઈન–ચાર્જ મળીને આ સંમેલન માટે હૈદ્રાબાદથી આવ્યા હતા.

મન્ચેરીયલ પછી, નવા સેન્ટર, ગોલેટી ખાતે સંમેલન રાખવામાં આવ્યું હતું. જ્યાં એકપણ અભ્યાસી નહોતો અને ટૂંકા સમય ગાળામાં જ આ સેન્ટરમાં વીસથી વધારે નવા અભ્યાસીઓ બન્યા હતા. સ્થાનિય ખાણ અધિકારીઓ તરફથી પ્રોત્સાહનજનક ટેકો છે, અને તેઓ મિશનની ભાવિ પ્રવૃત્તિઓ માટે જૂના મકાનને નવો ઓપ આપી રહ્યા છે. ગોલેટીના સત્સંગ પછી, અભ્યાસીઓનું જૂથ બેલ્લામપેલ્લે આશ્રમ પહોંચ્યું હતું. બેલ્લામપેલ્લે આશ્રમમાં સત્સંગ માટે ૮૦થી વધારે અભ્યાસીઓ હાજર રહ્યા હતા. બધાએ ગોદાવરીખાની ખાતે રાત્રિ રોકાણ કર્યું હતું.

બીજા દિવસે, ૨૬મી જાન્યુઆરીએ, ગોદાવરીખાનીના આશ્રમમાં ૬.૩૦ વાગે સત્સંગથી શરૂઆત થઈ હતી. એ પછી નાસ્તો કર્યા પછી, ગોદાવરી નદીથી થોડે દૂર, જયપુર આશ્રમની જગ્યાએ ગયા હતા. પીપળા અને લીમડાના વૃક્ષોના છાંયે, એકદમ પ્રાકૃતિક જગ્યાએ ૧૦ વાગે સત્સંગ કરવામાં આવ્યો હતો. પૂ.માસ્ટરની હાજરીથી આ વિસ્તાર એકદમ જીવંત બની ગયો હતો.

## જમ્મુ ખાતે ફેકલ્ટી ટ્રેનીંગ કાર્યક્રમ

૨૭મી ડિસેમ્બર, ૨૦૦૮ના રોજ જમ્મુ ખાતે, ફેકલ્ટીનો વિકાસ કરવા, સમાજના વિવિધ વર્ગોમાં સહજ માર્ગ વિશે બોલી શકે એ માટે ત્રણ દિવસનો રેસિડેન્સીયલ ટ્રેનીંગ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. એ માટે જમ્મુ અને કાશ્મીર તથા હિમાચલ પ્રદેશમાંથી ભાગ લેવા માટે ૨૪ જણનાં નામ નોંધાયેલાં હતાં, જેમાંથી ૭ પ્રશિક્ષકો હતા. એ દરેક જણને, એક અઠવાડિયા પહેલાં તૈયારી માટે એક વિષય આપવામાં આવ્યો હતો. દિલ્હીમાંથી ચાર ફેકલ્ટી સભ્યોએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. એમણે ભાગ લેનાર સાથે અરસ પરસ વિચારોની આપ લે કરીને એમના સામર્થ્યની, નબળાઈઓની અને સુધારા વધારાની શક્યતાઓ માટે ફીડબેક પૂરું પાડ્યું હતું. ભાગ લેનારાઓને લાગ્યું હતું કે સહજ માર્ગને સાચી રીતે સમજવા માટે ટ્રેનીંગ કાર્યક્રમ ઘણો જ મૂલ્યવાન છે. એની સાથે સાથે ઘણો આધ્યાત્મિક લાભ પણ થયો હતો.



# શ્રી રામચંદ્ર મિશન®
# એકોઝ ઈન્ડીયા

પ્રકાશનાં કેન્દ્રો


માર્ચ ૨૦૦૯ માત્ર અંગત પ્રકાશન માટે વર્ષ ૨ અંક ૨


## શાહજહાનપુર આશ્રમ

શાહજહાનપુર આશ્રમનું નિર્માણ, બાબુજીનું એમના ગુરૂદેવ, ફતેહગઢના લાલાજી મહારાજ પ્રત્યેનું એક પ્રેમભર્યું યોગદાન હતું. આશ્રમ બાંધવા માટેની જગ્યા શોધવાથી માંડીને આશ્રમ બાંધતા સુધી બાબુજીએ ઘણો ઊંડો રસ લીધો હતો. આશ્રમ બાંધવાની જગ્યામાં, શિલાલેખ સાથેનો આરસ ઊભો કરવા માટે નોંધ કોતરાવી હતી, "શાહજહાનપુર–સહજ માર્ગ પધ્ધતિનું જન્મસ્થળ". આ આશ્રમ શાહજહાનપુર રેલ્વે સ્ટેશનથી લગભગ ૮ કિ.મી. દૂર છે અને બસ સ્ટેશનથી લગભગ ૭ કિ.મી. દૂર છે.



શાહજહાનપુર આશ્રમ ૧૫ એકરથી પણ વધારે જગ્યામાં છવાયેલો છે અને શાહજહાનપુર–હરદોઈ રોડ અને નેશનલ હાઈવે નં.૨૪ જ્યાં મળે છે, ત્યાં તે આવેલો છે. આશ્રમનો મેડિટેશન હોલ, 'ધ્યાનકક્ષ', ૧૯૭૩થી ૧૯૭૬માં, બાબુજીના માર્ગદર્શન હેઠળ બાંધવામાં આવ્યો હતો. આ મેડિટેશન હોલને ૫મી ફેબ્રુઆરી ૧૯૭૬ના રોજ, વસંત ઉત્સવ દરમિયાન, બાબુજીએ એમના ગુરૂદેવ લાલાજી મહારાજને વિધિપૂર્વક અર્પણ કર્યો હતો.



મેડિટેશન હોલમાં ૮૦૦ અભ્યાસીઓ બેસી શકે એટલી ક્ષમતા છે. એમાં બંધ કરેલા ત્રણ વરંડા છે અને પૂર્વ તરફ મંચ છે. મંચની પાછળની દિવાલ પર, સ્ટેઈન્ડ ગ્લાસ્નો બનાવેલો મિશનનો એમ્બેલમ બેસાડેલો છે, જે કેનેડાના એક અભ્યાસીએ દાનમાં આપ્યો હતો. આ એમ્બેલમ પૂર્વમાં આવેલો હોવાથી ઉગતા સૂર્યમાં એ એના રંગો બદલે છે. આકર્ષક ભોંચતળિયાનો લીલા રંગનો માર્બલ, અમદાવાદ નજીકની અંબાજીની ટેકરીઓમાંથી લાવવામાં આવ્યો હતો. હોલની રચના પ્રાકૃત્તિક રીતે ઠંડક પૂરી પાડે, એ રીતે કરવામાં આવી છે. જેથી શિયાળા દરમિયાન એ ગરમ રહે અને ઉનાળા દરમિયાન ઠંડક આપે. આ હોલની બહાર, ચારેબાજુનો ઓટલો લાલ રંગના આગ્રાના પથ્થરથી તથા ભોંચતળિચાથી અને એની ફરતેની દિવાલ આગ્રાના સફેદ પથ્થરથી સજ્જ છે.



સાદી બે માળની ઈમારતમાં ભાઈઓ અને બહેનો માટે, નીચે બે ડૉરમેટરી છે. અને ઉપરના માળે ૧૪ રૂમો છે. એ ચૌદ રૂમોમાંથી એક રૂમને બાબુજીએ એમના નાનાજી રાય બહાદૂર શ્રી બદરીપ્રસાદજીની યાદમાં અને બીજો યારીજીએ, એમનાં માતાશ્રી જાનકીજીની યાદમાં અર્પણ કર્યો હતો.

આશ્રમમાં બાબુજી મહારાજની સમાધિ પણ છે. આશ્રમમાં મોકળાશવાળુ રસોડું અને ડાઈનીંગહોલ પણ છે. મેડીટેશન હોલની બંને બાજુએ બાબુજીની કોટેજ અને ગુરૂદેવની કોટેજ આવેલી છે.



આશ્રમની પશ્ચિમ દિશામાં બે મુખ્ય દરવાજાઓ છે. ત્યાં ત્રિકોણ થાંભલા પર મોટો ફુવારો છે.જેના પર લાલ પત્થરથી બનાવેલો મિશનનો એમ્બેલમ છે. એની ફરતે તાંબાનું પતરૂં છે અને એની ચારે બાજુ પાણીના રંગીન ફુવારા છે. ફુવારાની દરેક બાજુએ આવેલા ચાર ઘુમ્મટ એના સ્થાપત્યની સુંદરતામાં વધારો કરે છે.

આશ્રમની જગ્યામાં ગાઢ લીલી લોન, વૃક્ષો, નાના નાના જંગલી છોડ અને ચોમેર ઔષધિય વનસ્પતિઓ છે, જે પક્ષીઓની વિવિધ જાતોને આકર્ષે છે. બાબુજી મહારાજે વાવેલું કદમ્બનું ઝાડ છેલ્લાં ૩૩ વર્ષોથી ફૂલીફાલી રહ્યું છે.







**To subscribe to this Newsletter please visit**
**http://www.srcm.org/centers/as/in/newsletter/index.jsp**
**For feedback, suggestions and news articles please send email to**
**in.newsletter@srcm.org**


© 2009 Shri Ram Chandra Mission ("SRCM"). All rights reserved.
"Shri Ram Chandra Mission", "Sahaj Marg", "SRCM", "Constant Remembrance" and the Mission's Emblem are registered Trademarks of Shri Ram Chandra Mission.
This Newsletter is intended exclusively for the members of SRCM.